પતિ કે પિસાચ.

કમળાની કમબખ્તી,
અને
વફાદાર દોસ્ત.

ભાગ ૧ લો—રસીલી વાર્તા.

લેખક-શા. ચુનીલાલ મગનલાલ બુકસેલર.

લીમડાચોક-સુરત.

પ્રકાશક-પરભુભાઇ બાલુભાઈ "મચરીવાળા."

છાપરીઆ શેરી-સુરત.

સંવત. ૧૯૭૧ સને ૧૯૧૫

કીં. ૦-૦-૬

તગદીર અને તદબીર.

ભૂત ભવિષ્ય અને વર્તમાન કાળની બીનાં જાણવાને માટે એક જ્યોતિષ શાસ્ત્ર છે, તો તે જો આબેહુબ અને સાચુંજ જાણવું હોય તો એક વખત સુરત છાપરીઆ શેરી આગળ **જોશી રેવાશંકર ભવાનીશંકરની** મુલાકાત લેવા ખાસ તસ્દિ લેવી. જેથી તમોને કેટલો લાભ થાય છે તેની ખાત્રી થશે. જન્મોત્રી, પ્રશ્નોત્તર, વર્ષફળ, વીગેરે બનાવનાર તેમજ જોનાર અને એક **પ્રશ્ન ઉપરથી આખી જીંદગીનો હેવાલ કહેનાર** અનેક દુઃખથી પીડાતા માણુસોને માટે આ એક અમુલ્ય તક છે રૂબરૂ મળી, ખાત્રી કરો, વીશેશ હકીકત માટે અડધા આનાની ટીકીટ મોકલી પ્રાઇસલીસ્ટ મંગાવો.

લી. શુભેચ્છક.

પ્રીતિ કે પિસાચ!

કમળાની કમબખ્તી

અને

વફાદાર દોસ્ત.

ભાગ ૧ લો.

પ્રકરણ ૧ લું.

દુઃખી,ની વીચારમાળા
અને સ્નેહીમંડળની ટી...પાર્ટી

રાતના આઠ વાગ્યા હતા. વિજળીક અને કેરોસાઇન ગ્યાસના દીવાથી ભુલેશ્વરનો રસ્તો ઝગમગી રહયો હતો. હજારો લોકોની આવજાવ અને સેંકડો ગાડીઘોડાની દોડધામમાં વખત સ્વપ્ના પ્રમાણે વહેતો હતો.

એક મહાલય જેવા સુંદર મકાનમાં પહેલે માળે એક ચૌદ લાઇનનો લૅંપ પોતાની રોશની ફેંકી રહયો હતો જુદા જુદા હોલમાં બીજી એવીજ બત્તીઓ ઝગઝગાટ રોશની ફેંકી રહી હતી. ત્યાં સઘળું શાન્ત હતું. ફરનીચર જો કે બહુજ થોડા પ્રમાણમાંપણ કીમતી હતું. એક ખંડમાં લાયબ્રેરી જેવી ગોઠવણ હતી. એક હોલ ઘણીજ ઉત્તમ રીતે શણગારવામાં આવ્યો હતો. આ કોઇ સદ્ગૃહસ્થનું વિલાસસ્થાન હશે એવોજ ભાસ તેને જોતાંજ થઇ આવતો હતો. આ હોલમાં એક વૃદ્ધ ડોશી તથા સુંદર નવ યૌવના સ્ત્રી બે બેઠેલાં હતાં. આ નવયૌવના સ્ત્રી શરીરે એકવડા બાંધાની સ્વરૂપા અને વધુ ન વખાણતાં કહીએ તો કુદરતની કારીગરીના નમુના રૂપ હતી. તે લમણે હાથ દઇ વિચાર

ગ્રસ્ત ચહેરે બેઠેલી હતી તેની આંખમાંથી અશ્રુબિન્દુ મોતીની માળા માફક નીચે પડતાં હતાં. હા ! તે દુ:ખી હતી. તે જરા વારે કાંઇક સ્વસ્થ થઇ પાસે બેઠેલી વૃધા ને ઉદ્દેશી બોલી. માજી, માજી, જાઓ સુઇ જાઓ દશ વાગ્યાનો વખત થવા આવ્યો. વળી શહવારનાં રસોઇનું મોડું થશે. તો એ લોકોને ભુખ્યા જવું પડશે. જાવ, જાવ માજી સુઇ જાવ.

સુનંદા—પણ બેટા તું આમ કેટલા દિવસ કર્યા કરશે. હોય એ નાદાન છે. એની મેળેસુધરશે. જો તને ત્યાં ન ગોઠતું હોય, તો સુરત જા. તું કહે તો હું મહાસુખભાઇ પર લખું તે તારાં સાસુજીને કહેશે ? ના ના જો એવું કાંઇ કરતાં નહિ. તમે જો મા એમ કરશો તો મારૂં કંઇક સુધરતું હશે તે બગડશે. માટે તેમ તો કરશો નહિં થાય છે. હું કાંઈ રસ્તામાં કે પારકા ઘરમાં તો નથી બેઠી. છું તો મારા ધણી સાથે. લો હવે તમે સુઇ જાઓ. હુ તો એ લોકો આવે પછીજ સુઇશ, પેલી સુંદર યુવતી જેનું નામ કમળા હતું તે બોલી.

સુનંદાઃ—પણ બેન, તું પોતેજ સુઇ જાને તેઓ આવશે ને વળી ચાહ બા. મુકવી હશે તો હું મુકી આપી પછી સુઇ જઇશ.

કમળાઃ—ના ના. તેમ કરવાની જરૂર નથી. તમો સુઇ જાઓ નહિતર શવારના મોડું થશે, તે લોકોને ચાહબા મુકવી હશે તો હું મુકી આપીશ

આમ તે વૃધ ડોશીને શમજાવી. શાન્ત પાડી સુવા મોકલી વળી એકાંન્ત પડતાં તે બાઇ જાણે વીચાર સાગરમાં તણાણી હોય તેમ ગમણે હાથ દઇ નીરાશ વદને બેઠી. તે એકલી પોતાના મનથી બોલવાં લાગી હે વિભુ મારા ઉપર દયાકર, દયાકર. નિષ્ઠુરનાથા વ્હાલા. માતા પીતાએ તરછોડી સગા સંબંધી એ તરછોડી. સ્નેહીઓએ પણ તરછોડી, પ્યારા પતીએ પણ તરછોડી, બધાએજ તરછોડી. પણ

હે! પ્રભુ ઓ અનાથના નાથ પરમાત્મા તું મને ના તરછોડ. હે: દેવ દયાકર, દયાકર. આ-નીતીને રસ્તે ચાલનાર તારી નીરાધાર બાળકીને ના રીબાવ હે. પ્રભુ મારાં અપરાધો માફ્કર મારા ઉપર દયાળુથા મારા સ્વામીને સદ્દબુદ્ધિ આપ તેને કુશંગતથી. છોડાવ હે, પ્રભુ તેમના સંપત હૃદયમાં દયાનો ઝરો, વ્હેવડાવ હે, દયાળુ પ્રભુ તેમનાં પત્થર જેવાં હૃદયને પીગળાવો. હે, પ્રભુ મારૂં આ સ્વાર્થી દુનીયામાં કોઇ રહ્યું નથી મા. બા.પ. ભાઇ ભાન્ડુ. સર્વ, આ નીંભાગીને મુકી તારા ચર્ણમાં આવ્યા છે.

આખી અવનિમાં માત્ર એક પતિ આહા પતીદેવ. એજ મારે આધાર માત્રમાં છે. પણુ હે વિભુ તેમને તું સદ્દબુદ્ધી આપ, “ હે પ્રભુ મારા પુર્વના કયા. પાપે. મારૂં પાનું આપતિ, સાથે પાડયું, નિચ મનુષ્યોની શોબત કરનાર રંડીમાં રખડનાર લુચ્ચા લફંગાની સરદારી કરનાર. હડહડતા કુધારા રૂપ સુધારાની જય બોલનાર, ધરની ગૃહિણીને ખાસડે પુંજનાર, પતિ સાથે હે. પ્રભુ મારૂં પાનું તમે કયાં પાડયું ” પણુ નાના હું પ્રભુને દોષ શું કરવા આપું મારા કર્મમાં હતું તેવું મને મળ્યું, તેમાં પ્રભુનો શું દોષ. મારા પતિનો પણુ શું દોશ. જેવા તેવાં પણુ એજ મારા પતિ. એજ મારા નાથ અને એજ મારા સાૈભાગ્ય દીપક દેવ છે.

પણુ હે પ્રભુ. હું દુઃખીણીની દાદ સાંભળ; મારા નાથને મારા શૌભાગ્ય દીપક દેવને મારા ઉપર દયા કરી સદ્દબુદ્ધી આપ હે દયાળુ પ્રભુ મારા વિકટ સમયમાં મારી વારે ધા, મારા વિકટ સમયમાં હે પ્રભુ મને તારોજ આશરો છે. હે વિભુ વિભુ-

વિકટ વખત વિભુ ચડ વ્હારે તું. (૨)
દિન બાળા ની અરજ સુણી તું.
કર કૃપા હે દયાળુ...વિભુ તું......વિ
અ,નાથ છું નાથ હું. દુઃખ દરિએ ડુબેલી
કરોં કૃપા કૃપાળું નાથ. થાવો મારા બેલી. વિ. (૨)

સ્થિર મને પરમાત્માની સ્તુતિ કરી. કંઇક મનને શાંત્વન મેળવી સ્થિર ચીતે અર્ધ નેત્ર મીચી, નચીંત થઇ હોય તેમ બેઠી આંખમાં ઉંઘના ઝોકાં આવતાં હતાં. બેઠા બેઠા ઊંઘવા માંડયું. પણ નહિ, નહિ. તેના કર્મમાં ઊંઘ નહોતી. કારણ, તેનાં ધણીની અને તેનાં પ્રિય મિત્રોની સ્વારી આવી પહોંચી હતી. પાંચ મીત્ર અને છઠ્ઠો પોતે. એમ આ શઠ, અરે (પેટ મંડળ) કાળી રાત્રીની સ્હેલગાહ કરી. બરાબર મધરાત વખતે ઘરમાં આવી પોંહચ્યા હતાં. આ છ મીત્રોમાં પાંચ મિત્રોનો પોશાક એક સરખો ભલા જેન્ટલમેન શાહેબો જેવો ભલા લખપતીના દીકરા જેવો. બારીક નજરે જોતાં કોચીનના શાહુકાર જેવો દીશતો હતો. ત્યારે બાકીનો એક જુના પુરાણા પણ સ્વચ્છ આર્ય પોશાકમાં સજ્જ થયલો શાન્ત મુદ્રાવાળો દેખાતો હતો. અજબ જેવું તો એ હતું કે આ પાંચ ખાં. સાહેબોની શફમા આ એક માણસ, મીયાં માહદેવના મેળ જેવું દેખાતું હતું.

આવતાંને વાર કોટ પાટુલન, અને બેંગલોર કેંપને ખીટીએ હવા ખાવા લટકાવી. આખું મંડળ એક હોલમાં નચીંત જીવે ગોઠવાયું.

બધામાં એક આગેવાન જેવા જણાતા સાહેબે કહ્યું કેમ નટવર આજે આપણે ઘણા જલદી આવ્યા છીયે. હો કેમ ઊંઘ આવે છે કે શું. જો તેમ હોય તો ચાહ મુકાવીયે. કે, સુસ્તી ઉડી જાય

વળી આજે આપણે ત્યાં ચન્દુભાઇ અત્યારે પરોણા છે. માટે એમની પણ સ્વાગત્ તો કરવુંજ જોઇએને. મનમોહને કહ્યું.

ચન્દુ:—ના નાજી. ચાની કંઇ જરૂરાત નથી જો મારે પીવી હોય તોજ મુકાવજો હો મનમોહનભાઇ તમે જાણોજ છો ને. આપણે તો ચા, પીતાજ નથી.

નટવર:—હા હા. જરા ચા તો પીવીજ પડશે કેમ સુન્દર રામલાલ તમો પણ નાતો નહિજ કહેશો કેમ ?

અરે વળી લે હાંના એ કોને કેવાની છે ને હાવે કોને કેવા છે લાવોની આપણે તો તૈયારજ છીયે. સુન્દરે હાસ્ય કરતાં કહ્યું.

મનમોહન:—જાની ત્યારે ઠાકોર ડોશીમા હજુ જાગતાં હોશે તેમને કેની કે ચાહ મુકી દેય. નહિ તો પછી એતો જાગતિજ હોશે. હવે ઠાકોરને બેશવાદેની યાર, લાવની હુંજ કહું છું આ ચાલ્યો આમ બોલતાંને સુંન્દર ચાહ મુકવાનું કેવા ગયો. અને તુરત પાછો આવ્યો.

કેમ કહ્યું કે ડોશી તો જાગતીજ હોશે કેમ મનમોહને કહ્યું.

અંહ. ડોશી તો ઉંઘેછ. અને કમળા ભાભી જાગતી હતી. તેને કહ્યું સુન્દર બોલ્યો.

શું તે હજુ સુધી જાગે છે. હમેશાંજ એ એમ કરે છે. જ્યાં સુધી આપણે ફરીને આવીયે નહિં. ત્યાં સુધી એ જાગ્યા કરે છે. મનમોહને. કહ્યું.

હશે યાર તેમાં આપણું શું ગયું. એને એકલાને ન ગોઠતું હશે શેની એ લાજ આવ્યા અને ચાહ પણ થઇ ગઇ કે શું ચાહ લઇ આવતી કમળાને જોઇ મનમોહનને સુંન્દરને કહ્યું. કેમ આજે પણ તું જાગતીજ હતી કે શું. હું ધારૂં છું કે તને એકલાં શાં ગોઠવા તું

નહિ હશે. જો તેમ હોય તો મને કહે હું તને કાલે શહવારની ગાડીમાં સુરત મુકવા મોકલું ત્યાં તને બાની તેમ બ્હેનની શંગતમાં શારૂં લાગશે કમળા તરફ વક્રદ્રષ્ટીથી જોતો મનમોહન બોલ્યો. કમળા નીચું જોઇ બોલી. ના ના. સાસુજી તેમ બેનની સંગત કરતા ત્યાં રહેવું મને વધારે સારૂં લાગે છે. તેમ રોજ મોડા સુવાની ટેવ પડી ગઇ તેથી વેલી ઉંઘ આવતી નથી. આટલું બોલી તે તુરત ત્યાંથી પાસેના હોલમાં ચાલી ગઇ.

લ્યો. આ ચાહ ઠરી જાય છે. લે. નટવર કેમ સુન્દર લોની ચંદુભાઇ તમો બધા શું વિચાર કરો છો લોની ઠાકોર રામલાલ બધાને શામટો આગ્રહ કરતો. મનમોહન બોલ્યો. અને ચાહના કપમાંથી ચાહ રકાબીમાં ખાલવિ. જેનું અનુકરણ બીજાએ પણ કરયું.

જે કેમ ચંદુ. અરે ભગતજી હજુ તારી આંખ ઉઘડતી નથી કે શું અને આ ચાહ ઠરી ગઇ છે. અને તું તો જાણે મુંગા પંડીત માફક આવ્યો ત્યારનો મુંગો મુઢ થઇ બેશી રહ્યો, છે, શું વિચારમાં છે. કઇ છોકરાં છૈયાં પરણાવવા છે, અરે હજુ તો બાયડીના પણ ફાંફાં છે. અને અત્યારથી આવા ઉંડા વિચારમાં કેમ ઉતરે છે. લે ચાલ. ચાહ પીવા માંડ. આ અમારા તો બધાનાં પેટમાં ચાહ સમઇ પણ ગઇ. ચંદુ ઉર્ફે ભગતજી તરફ ફરી. ચાહનું કપ ખાલી કરતાં મનમોહને ટીકા કરી, લે મનમોહન હજુ પણ તને અક્કલ આવી હોય તેમ હું ધારતો નથી. એ બાપડાને ચાહ નહી પીવી હશે અને તું નાહક આગ્રહ કરીને તણાઇ જાય છે. તે શું વ્યાજબી કહેવાય કે એ ભાઇ તો. મારે ખમ સાહેબ છે. નાહક એને આગ્રહ ના કર લે ને એના વતિની ચાહ હુંજ પીજાવું છું. એમ બોલતાં તે સુન્દરે ચંદુ પાશે પડેલું કપ ઉઠાવી

તેમાંથી ચાહ પીવા માંડી. જુવોની દોસ્તો. આપણા ચન્દુભાઇ મરજાદી માણુસ છે. અને વળી આપણે એને ભગતજી ભગતજી કહીને ખાલી ચીડવીયે ને વળી આ વિલાયતની ચાહ એને પાઇએ. એ શું વાસ્તવિક કહેવાય કે હા. હા. કેમ દોસ્ત ભગતજી હવે ચંન્દુના મોં આગળ તને આ ચાહ પીવાની ઉપાધી રહિ નહિ કેની? ચાહનુ કપ ખાલી પડેલું સુંદર બોલ્યો. અને પોતાની મીઠી મશકરીથી આનંદ પામતો હોય તેમ હસ્તે મોડે બધા સામું જોવા લાગ્યો.

ચુપ રહે, સુંદર. ચંદુભાઇ સાથે સભ્યતાથી વરત. નહિતર તને ઠપકો આપવો પડશે. સુંદરને અટકાવતા મનમોહન બોલ્યો.

આ લોકો વાતોમાં પડેલા ત્યારે રામલાલ પાન બનાવતો હતો. પાન બનાવી પોતે ખાઇ પાનની રકાબી આગળ ખસેડતો ને બોલ્યો. લ્યો. લ્યો. ભગતજી મહારાજ પાન તો તમને ખપે છે ને લ્યો નહિ તો વળી તે પણ ચાહની સાથે દોસ્તી બાંધવા જશે.

તોય શું ભાઇ એમાં પણ આપશ્રીને આનંદ તો મળશેજ કેની? ઉદારતા અને બ્રહ્મભાવ બતાવતાં ચન્દુ બોલ્યો.

ના, ના, ભગતજી? અરે ચન્દુભાઇ એમ ના થાય. લે હવે તું જરા મળતાવડો થા અને આમ છેક અતડો ના રહે તો સારૂ હોં. પાન આપતા મન મોહને શીખામણ દીધી.

લાવો ભાઇ, બસ. લ્યો હવે હું રજા લઇશ. ચંદુ ઉભો થતા બોલ્યો.

હવે થાય છે. મારા ભાઈ કોણુવાટ જોવાનું છે. અને આઘે પણ શું જવાનું છે. જવાય છે. ચંદુને રોકતા સુંદર બોલ્યો. હા. ભાઇ હા. તમારે બધાને પથારી ભેગા થતા વાર છે તેમાં નચીંતછો. કેમ, મારેતો હજુતો ઘેર જઇશ તારે વાત લ્યોસાહેબજી. ભાઇ,જતાં જતાં ચન્દુ બોલ્યો.

કાલે સાંજના છ વાગે. તું અહીંજ આવજે ભાઇ તારૂ જરૂરનું મારે કામ છે હો પણ જો ટાઇમશર આવી પહોંચજે હો ? મનમોહનને ચેતવણી આપતા આગ્રહ કર્યો; ઠીક ઠીક શાહેબજી. ભાઇ મનમોહન. શાહેબજી, આટલું બોલતા ચન્દુ ચાલતો થયો.

કેમ હવે ઉંધવું છે કે હજુવાર છે. અઢી વાગ્યા, છે હોં રામલાલ ટાઇમ જોતા સુન્દર બોલ્યો.

હા. હા. લ્યો ઉઠો ભાઇ મનમોહન તું પણ સુઇ જા, સાહેબજી.

વાંચક આ સ્નેહી મંડળને સુવાદે બીચારાઓ. થાકેલા પાકેલા હશે. આજેતો શાહેબજી.

પ્રકરણ ૨ જું.

આજુબાજુની ઓળખાણ.

મનમોહનનું કુટુંબ સુરતમાં હતું. મનમોહનના પિતાજી મી. છબીલદાશ સુરતમાં શ્રીમંતમાં ગણાતા હતા. અને પરમાત્માની કૃપાથી શ્રી લક્ષ્મીજીની પણ તેમનાં ઉપર સંપુર્ણ કૃપા હતી. તેઓની શરાફની મુખ્ય પેઢી સુરતમાં હતી. અને મુંબઇમાં તેની શાખા હતી. સુરતની દુકાને તેમ મુંબઇ માલ બંને ઠેકાણે બ્હોળો વેપાર લેવડ દેવડનો ચાલતો હતો. અત્રેની તેમજ મુંબઈની પેઢીમાં મહેતા મુસદીઓજ ઘણો ખરો વહીવટ કરતાં હતાં. સર્વમાં મનસુખરામ નામનો વડો મુનીમ હતો અને તે સુરતની પેઢીમાં હતો. તેનાં ઉપર શેઠજીની સંપુર્ણ કૃપા હતી. સઘળા વ્યાપારી તેમ ગ્રાહકો પણ શેઠને ન ઓળખતાં મુનીમને પુછતાં આવતાં હતા. મી. છબીલદાશ બહોળાં કુટુંબી ન્હોતા. તેમને માત્ર એક છોકરો તથા બે છોકરી હતાં. છોકરો સર્વથી મોટો

હતો તેનું નામ મનમોહન હતું. મનમોહનના લગ્ન સુરતમાંજ પોતાની જ્ઞાતિના એક સદ્‌ગૃહસ્થની છોકરી સાથે નાનપણમાંજ કરેલાં હતાં. આ છોકરીનું નામ કમળા હતું કમળાનાં માબાપ કંઇ છબીલદાશની શરખા· મણીમાં ઉતરે તેવાં નહતાં. તેઓ પણ પાંચ પૈસે સારા સુખી હતાં તેમ ને માત્ર સંતાનમાં આ એક છોકરીજ હતી. તેને આજુબાજુ બીજુ કોઇ અંગત શગું ન હતું, દૈવયોગે કમળાની મા. પ્લેગના ડાચામાં શપડાઇ મરણ પામી હતી તેમ, કમળાના બાપ પણ એજ ભયંકર રોગમાં સપડાયો પોતાની પાશે પૈશાહોવાથી સૌ તેનાં શગા થઇને આવતા હતાં પણ તનનું શગુ કોઇ ન હોતું પોતાના ઘરના પડોશમાં એક ગર્ભશ્રીમંત બ્રાહ્મણનું કુટુંબ રહેતું હતું અને તેની સાથે તેઓને ઘણાજ શારો સ્નેહ હતો તેઓ એક બીજાં માટે અડધી રાતના જીવ આપતાં હતાં ખરેખર તેઓનો સ્નેહ અથાગ હતો. અલોકીક હતો.

પોતાની પાછળ પોતાનું કોઇ નથી. અને પોતે આ ભયંકર રોગમાથી બચેતેમ નથી. એમ નક્કી જાણી પોતાની એકને એક દીકરીનાં સુખનો વિચાર કરી. માણેકલાલે પોતાની મીલકતનુ વિલકરી નાંખ્યું અને તે વીલમાં મુખ્ય ટ્રસ્ટી તરીકે પોતાના પડોશી મનસુખરામ ત્થા છોકરીના શશરા મી. છબીલદાશને નીમ્યા પોતાનું અવશાન છેક પાશે આપેલું હતું એમતે ચોકશ જાણતોજ હતો પોતાની છોકરીને પાછળથી દુઃખ ન પડે તે વીશે સઘળી વ્યવસ્થા કરી હતી છતાં પણ છેવટ પોતાની છોકરીને પાશે બોલાવી મી. મનશુખરામના શામુ હાથ જોડી બોલ્યો કે ભાઇ આ છોકરી આજથી તમારી ધર્મની પુત્રી છે. એને હું તમારે ખોળે મુકું છું આજથી મારી જગ્યા એ છોકરી માટે તમો શાચવ જો.

આટલી સોંપણુ કરી માણેકલાલે પોતાનો દેહ મુકયો હતો.

મી. મનસુખરામ પણ પોતાના મરનાર સ્નેહીના બોલને પુરેપુરા વળગી રહી છોકરી કમળા ઉપર અથાગ વાત્સલ્ય ભાવ રાખતાં હતાં આ વખત છોકરીની ઉમ્મર તેરવરશની હતી છોકરીની મરજીથી તેમ મી. છબીલદાશનાં આગ્રહથી મી. માણેકલાલનો દાહડો પાણી વીત્યા પછી છોકરી સાસરમાંજ રહેતી હતી. જો કે ત્યાં પણ મનસુખરામ દીવસમાં એક બે વખત કમળાને મળી દીલાશો આપતાં હતાં અને કમળા પણ પોતાની આંખ આગળ સુખી છે એમ સમજી રાજી થતા હતા વાચક આજ મનસુખરામ. તે મી. છબીલ-દાસની પેઢીનાં વડા મુનીમ હતાં.

મનમોહન સ્વભાવે જરા કુંજરો પોતાનું ધાર્યું કરનાર અને માન પાનને ચાહનાર પોતાનાં વડે સર્વ છે એમ પોતાનાં મનથી સર્વને તુચ્છ ગણનાર પોતાની વાત આજુ બાજુનાં શંજોગ જોઇ કહાડનાર અને સાધારણ ઉડાઉ હતો. મનમોહન અંગ્રેજી અભ્યાશ કરતો હતો. અને પોતે કાંઇ નામ કાહડવું અગર. કાંઇ ડીગ્રી મેળવવી એવી અભીલાષા ધરાવતો પણ મી. છબીલદાસને તેવી બાબતપર તીરસ્કાર હતો તેઓતો હમેશાં કેતાં કે ખપ કરતાં આપણો ધંધો ઘણોજ ઉતમ છે. પણ તે બાબત ઉપર મનમોહન વધુ ધ્યાન આપતો નહિ હમણાં મનમોહને મેટ્રીક પશાર કરી હતી અને વધુ અભ્યાશ કરવા મુંબઇ જવા માટે ઉતાવળ કરી રહ્યો હતો મનમોહનની સાથે મન મોહનનાં બીજાં દોસ્તદારો ત્થા પોતાની ફોઇનો છોકરો બધા એક સાથેજ ભણતાં હતા, અને તેઓ બધાનો મત પણ મનમોહનને મલતોજ હોવાથી. મી છબીલદાશની ઘણી આનાકાની છતાં પણ તેઓની પાશે મનમોહનને રજા અપાવી- બધાએ મુંબઇ જવાનું નક્કી કરયું હતું

બધી ગોઠવણ થઇ ગઈ હતી. મી. છબીલદાશનું પોતાનું મકાન મુંબઇ ભુલેશ્વરમાં આવેલું હતું. અને ત્યાં આગળ બધાએ ભેગા ઉતરવું તેમ રશોઇ પાણી માટે લૉજમાં ન જતાં એક કોઇ વૃદ્ધ બ્રાહ્મણીને સાથે લઇ જવી ત્યા કમળાને પણ મુંબઇ સાથેજ તેડી જવી. આ મુજબ નક્કી થયું હતું તેમાં એ છેવટ વડા મુનીમની શંમતી લેવામાં આવી હતી. તેમણે પણ કચવાતે મને હા કહી હતી. પોતાના સ્નેહની પુત્રી પોતાની આંખ આગળથી દુર થાય તે તેને ગમતું નહોતું પણ તેણે હા કહિ હતી. અને સાથે રશોઇઅણ તરીકે પોતાની વિધવા ભાભી નામે સુનંદા કરીને ઉમરે વર્ષે ચાલીશેકની હતી. તેને મોકલવાનું નક્કી થયું હતું. સુનંદા પણ કમળા ઉપર અથાગ વાત્સલ્ય ભાવ રાખતી હતી અને તેની સંગતમાં છોકરીને ગમશે એમ ધારી, સુનંદાને મોકલવા માટે પસંદગી કરી હતી. તેઓ બધાને સારો દાહડો જોઇ. હસ્તે ચેરે મુંબઇ વિદાય કર્યાં હતા. વાંચક તું પણ મુંબઇ ચાલ. આપણે તેમની પછાડી જઇએ તો કોઇ આપણને ત્યાં અટકાવવાનું નથી હો.

પ્રકરણ ત્રીજું.

મુંબઈની મ્હોબત.

મી. મનમોહન અને તેના મીત્રોને મુંબઇમાં આવ્યાને આજ લગભગ છ મહિના થવા આવ્યાં હતાં. આ અરશામાં હજુ કાંઇ જાણવા જેવો બનાવ બન્યો નહોતો. પરંતુ માથે અંકુશ ન હોવાથી તેમ તે બધાઓ “હરાયા ઢોર” જેવા શરખે શરખા હોવાથી આખા દહાડામાં નવરાશનો વખત ઠાઠા ઠીઠી કરવામાં કહાડતા હતા. પણ તે

તેઓ બધા એકાન્તમાં હોય ત્યારેજ કારણકે સુનંદાનો બધા ઉપર જરાક ધાક હતો. તેમ કમળાનાં તેજસ્વી મુખ આગળ કોઇપણ વધુ પડતો બોલ ન બોલતા શભ્યતાથી વરતતા હતાં.તેઓ હંમેશા ટાઇમસર કોલેજમાં જતા હતાં. આ મંડળ જ્યાં જાય તાં બધા એક સાથેજ જતાં આવતાં હતાં. તેઓ રાતના હંમેશા ફરવા જતાં હતાં અને તેઓ રાતના ઘણે મોડેથી આવતાં હતાં કોઇ કોઇ વાર તો છેક સવારનાં પણ આવતાં હતાં. ઘણી વખત એ બાબત માટે સુનંદાએ તથા કમળાએ મનમોહનને પડપુછ કરી હતી. પણ તેઓને સંતોષ કારક ઉડાઉ જવાબ એવી શીફતથી આપવામાં આવતાં કે જે બાબતમાં જરા શક પણ આવતો નહિ. આજે રવિવાર હતો કોલેજ બંધ હતી બધાં મીત્રો આજે વેલાશર વાળુ કરી ફરવા નીકળી પડયા હતા. તેઓ ગ્રાંટરોડ તરફ જતાં હતાં નટવર અને મનમોહન બે જણાં હાથમાં હાથ મેળવી આગળ ચાલતાં હતાં અને સુન્દર, રામલાલ અને ઠાકોર ત્રણ જણાં પાછળ ચાલતાં હતાં.

કેમ નટવર, હવે આપણે કેમ કરવું તેને તાં આપણે આજ જઇશું પણ કાલે તેને ત્યાં જવાશે કે કેમ તેની મને તો ફીકર પડી છે. કારણકે ખીસ્સામાં તો ફકત એક શો ૧૦૦) ના કટકા સીવાય હવે કાંઇ બાકી રહ્યું નથી.

કંઇ પાંચપચી બીજા ઘેર પડયા હશે એટલે હવે ખરચી ખુટી છે. તેમ સુરતથી બાપાજી પાસે પૈસા મંગાવાય તેમ નથી. તેમ હયાંની દુકાનેથી પણ બાપાજીની ચીઠ્ઠી સીવાય પાઇ મળે તેમ નથી. માટે શું રસ્તો કાઢવો. તે કાંઇ શુંજ પડતી નથી. તેમ તમારી પાસે પણ હવે સીલક, હોય તેમ હું ધારતો નથી માટે હવે શું કરવું તે રસ્તો બતાવ ધીમે ધીમે નટવર સાથે વાત કરતો મનમોહન બોલ્યો.

અરે અમારી પાસે હોય તો તારા કેવાની વાટ જોઇએ ખરાં કે હમારાથી પણ હાલ ઘેરથી મંગાવાય તેમ નથી. એતો તે લોકો દરવખત રાખેતા મુજબ મોકલ્યાજ કરે છે. એટલે ફરી મંગાવતા ભરમ ખુલી જાય તેમછે. અને તે પણ વખત થશે ને આવશે તે બધાએ ઘર ખરચ માં ભોર થઇ જવાનાં માત્ર ફીકર રહીજ એનીજ. તેમ તે પણ કાંઈ ચાર આઠ દીવશ કાંઈ ન આપીએ તો જીવ ખાવાની નથી.

પણ તે કાંઇ આપણુ ઠીક લાગે કે નટવરની વાત વચમાં કાપતો. મનમોહન બોલ્યો.

હા જો મનમોહન મને એક વિચાર સુજે છે. કે હું કાલે પેલા લખમીચંદ મારવાડીને ત્યાંથી મારા નામ ઉપર રૂા. ૨૦૦) લઇ આવું અને તું પછી ચાર આઠ દીવસમાં સવળ કરી આપજે એટલે હું તેને પાછા આપી આવીશ. નટવરે ખુલાસો દરસાવનારી દરખાસ્ત કરી.

પણ પાછળથી સવળ કરવી કયાંથી,વંધાજ ત્યાંતે ઘરમાં હવે ગાંઠે તેમ નથી. તેતો હવે સાફ કહેછે કે તમો હજુ પણ કાંઇ ન સુધરશો તો મારે બાપાજીને ફર્યાદ કરવી પડશે. તે દીવસની વાત યાદ છેને. તે દીવસે બંગડીને કંઠી લઇ જઇ યશોદાને આપી હતી ત્યારની:તે બહુ ચીડવાયલી છે. પણ મેરબાની ધારની યાર પરમેશ્વરની કે તે કાંઇ બોલતી નથી તેમ કોઇને મ્હોડે એ વાતનો ઇશારો પણ કરતી નથી. તેટલી ભલી છે. મનમોહને પોતાનું કર્મ યાદ કરાવતાં બાઇડીની ભલાઇ વખાણી,

હાં. ત્યારેતો હવે એકજ રસ્તો છે કે તારા મુનીમના છોકરાને પેલા ચંન્દુને તારો દોસ્તદાર પેલો ભંગતજી કેમ ઓળખ્યોને તે ને હયાં મી. સોનાવાળાને ત્યાં નોકરી છે અને તે ઘણો વગવસીલા વાળો માણસ છે. માટે જો તે આપણી રૂખપર ઉતરે તો હાલમાં છુટવાની મુસીબત વેઠવી નહી પડે નટવરે રસ્તો બતાવ્યો.

પણ તું જાણેજ છેને કે. એ ભગતડું આપણી ટોળીમાં મળે તેમ નથી એને તેમ એને તેની લાગણી પણ બહુજ છે. તમને બધાને તે બારમા ચંન્દ્રમાં માફક જુવે છે. તેમ બાપાજીનો પ્યાર પણ એનાં ઉપર અથાગ છે. માટે એને મોડે બધો ભરમખુલ્લો કરતાં કાલનો દુકાળ આજે પડે તેમ થવા શંભવ છે મનમોહને ભય, વતાવવાતા કહ્યું.

અરે પણ તેની શાથે વાત એવી શીફ્તથી કરવી કે ભરમ ખુલે નહી સ્વાર્થને ખાતર ખોટા શોગંદખાઇ યા ગમે તેમ તેનાં પેટમાં ઘુસી આપણે આપણી ગત રમવાની વાત કરવી કે બેડોપાર એ બીચારો તારા ઉપર બેહદ ભાવરાખે છે ને તારો બોલ એ ઉથાપે તેમ નથી. માટે ધીમે ધીમે તું એને હાથ પરલે પછી વાત પેલાંતો જાણે કાંઇ સ્વાર્થ છેજ નહી તેવી સીફ્ત વાપરવી પછી રસ્તો કરી લેશું નટવરે બુદ્ધીબળનું દીગ્દર્શણ કરાવતાં કહયું.

ત્યારે તો આજે આપણે તો "યશોદા" ને ત્યાં બીલકુલ ખોટી થશું નહી અને ઘેર જતાં રસ્તામાંથી ચંન્દુને બોલાવતાં જશું જાણે અમસ્તાજ તેડી જતાં હોઇએ તેવો ડોળ આજે કરી શું પછી હું એને બોલાવીને એકાન્તમાં શમજાવી લઇશ કેમ એ ઠીકને મનમોહને પોતાનો વિચાર દર્શાવતા પુછ્યું,

બશ. બશ. ઓલરાઇટ મને પુરતી ખાત્રી છે કે એ છોકરો તારે માટે જીવ આપે તેવો છે. અને તું ખાત્રીથી માનજે કે તારો બોલ એ કદાપી ઉથાપવાનો નથી. લ્યો હવે એ વાત પડતી મુકો આ મકાન આવી પહોંચ્યું.

ઓહ આવો આવો મનમોહન શેઠ આવો સુન્દરભાઇ શેઠ આજતો તમે બધાએ મારા ઉપર ખુબ મહેરબાની કરી વ્હેલા વ્હેલાં પધારયાંહો આવકાર આપી નખરાં કરતી યશોદા બોલી.

હા. તમને કાંઇ તેમ, અડચણ તો થઇ નથી ને યશોદા બાઇ, એસ્તાં એસ્તાં મનમોહન બોલ્યો.

વાહ, વાહ, શેઠજી મને તે બાઇ હરકત શી મારાં તો અહોભાગ્ય ભલેને શેઠ આખો દીવસ તમો હર્યા રહોને તેમાં મને શી હરકત તમારા પગલાં કર્યા છે શેઠ આમ કહિ પાન બનાવવાં માંડયાં, મનમોહન હાથમાં પાન આપી બીજાઓને પાન આપતાં યશોદા બોલી.

ના, ના, ચાહબાતો આજે પીવી આજે હમોને જરા ઉતાવળ છે. જરા એક ઠેકાણે જવું છે માટે ખોટી થવાનાં નથી લગભગ દશ તો વાગવા આવ્યાં છે ચાલો આજ તો આટલુંજ બશ અને આજે પેલા કાપડીઆનો હીસાબ આપવા માટે તે માંગયા હતાં ને મનમોહને ઉઠતાં ઉઠતાં યશોદાના હાથમાં સ્નેહથી રૂ. ૧૦૦)ની નોટ આપી. અરે કાંઇ એટલી બધી ઉતાવળ નહોતી. શું એટલા ખાતરજ તમો અહીં આવ્યા છો કે મનમોહનનો હાથ પકડી નોટની દરકાર ન રાખતી, હોય તેવો ભાવ બતાવતી યશોદા બોલી.

ના ના ખાશ. એ આપવા ખાતર નહિ. શું કંઇ આવતા નથી. એતો રોજના માફક આજે પણ આવ્યા તારે.

તે તો શેઠ આપની મહેરબાની છે. એટલે હમારે બધુંજ છે. મનમોહનને બોલતો અટકાવી તેની સાથે લાડ કરતી યશોદા બોલી.

ઠીક ઠીક યશોદા આજે તો બસ, હમો જલદીજ જસું. આટલું બોલી સ્નેહ ભરી દ્રષ્ટિએ સૌ મીત્રો વિદાય થયા, અને ધર ભણીનો રસ્તો લીધો. અગાઉ થયલી ગોઠવણુ મુજબ ચન્દુને પણ આગ્રહ કરી ઘેર તેડતાં ગયાં. વાંચક એ બધાની મુલાકાત તો આપણે પેલાજ, પ્રકરણમાં કરેલી છે. અંપુર્ણ.

કમળાની કમબખ્તી અને વફાદાર દોસ્તની લાયકાત વિગેરે વિષયો માટે બીજો ભાગ જરૂર વાંચો.

વાંચો.   વાંચો.   વાંચો.

ખુશ ખબર.

શુદ્ધ બ્રાહ્મણીયા મીઠાઇની દુકાન.

હમારી દુકાને સર્વે જાતની મીઠાઈ મગજ, ઘારી, દળ, મેસુર, જલેબી વીગેરે સરવે જાતની મીઠાઇ કેળવાયલા અનુભવી કારીગરોને હાથથી બનાવવામાં આવે છે. તથા બાસુદી તથા સીખંડ, પુરી ઓર્ડર મુજબ બનાવી આપવામાં આવે છે. તથા સેવ, ગાંઠીઆ, ભજીઆ તથા ખમણ ઘોકળા વીગેરે દુધ તથા કેળના પાણીથી બને છે. માટે એકવાર હમારી દુકાને પધારવાથી ખાત્રી થશે.

મહારાજ મગનલાલ રામદાશ

ઠે૦ ગલેમંડી ટાંકીની સામે-સુરત.

वांचो ! વાંચો ! વાંચો !

એક અમુલ્ય લાભ !

ઘણાં લાંબા વખતથી તેમજ જુના અનુભવથી આ દવાઓ બનાવવામાં આવી છે વાપરો અને ખાત્રી કરો.

૧ **વિર્યવર્ધક ગોળી**—વિર્યપાત અટકાવી, નપુષકપણાને દુર કરી, નવું પુરૂષાતન બક્ષીસ કરે છે. સવારમાં શેર દુધમાં માત્ર બે ગોળી ખાવી. કી, ગોળી ૪૮ની શીશી ૧નો રૂા. ૦ાા

૨ **દરાજનો કટ્ટો શત્રું**—દરાજ નાબુદ કરે છે. કી. ૦-૨-૦

૩ **બાલ વિનાશક પાઉડર**—પાણી સાથે મેળવી લગાડવાથી બાલ નીકળી જાય છે કી. ૦-૧-૬

૪ **દંતમંજન**-દરરોજ સવારના દાંતે ઘસવાથી તમામ દાંતનાં રોગો સારા કરે છે. કી. ૦-૧-૬

૫ **મહાશ્વેતા હેર ઓઇલ**—ખુશબોદાર મગજને તર કરી બાળને લાંબા વધારે છે. કીં. મોટી શીશીના ૧૨ આના. અને નાનીના ૭ આના.

૬ **નેત્રાંજન**-(સુરમો) આંખની ગરમી, આંખનું આવવું, ખીલ, વીગેરે રોગો નાબુદ કરે છે. કીં. શીશી ૧ નો રૂા. ૧ નમુનાની શીશીના માત્ર ૦-૨-૦

૭ **ખરજવાની** દવા—ગમે એવાં જુના યા નવાં ખરજવાને જુજ વખતમાં શારૂ કરે છે. કીં. દબી ૧ ના ૦-૨-૦

શુકલ જી. એન.

ઠો૦ ગલેમંડીની મોટીશેરી-સુરત.

સુરત ખપાટીઆ ચકલાપર આવેલા બુ. અ ના ધી. સુરત જૈન પ્રીન્ટીંગ પ્રેસમાં મટુભાઇ આશાભાઇએ છાપી અને સુરત છાપરીઆ શેરીના રહેનાર પરભુભાઇ બાલુભાઇએ સુરત છાપરીઆ શેરીમા આવેલા પોતાના રહેવાના મકાનમાંથી પ્રસિદ્ધ કરી.